BUSINESS મિત્ર Plus

5 વર્ષ વિરુદ્ધ 10 વર્ષનું SIP રિટર્ન : ધીમી શરૂઆતનો અર્થ હંમેશા નબળું વળતર નથી હોતો

મ્યુચ્યુઅલ ફંડમાં સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) શરૂ કર્યાને પાંચ વર્ષ પૂર્ણ થઈ ગયા હોય અને તેમ છતાં જો વળતર નિરાશાજનક જોવા મળે, તો રોકાણકારોના મનમાં મૂંઝવણ ઊભી થવી સ્વાભાવિક છે. આવી સ્થિતિમાં શું કરવું જોઈએ? શું રોકાણ બંધ કરી દેવું જોઈએ, અન્ય કોઈ સારું પ્રદર્શન કરતા મ્યુચ્યુઅલ ફંડમાં સ્વિચ થઈ જવું જોઈએ, કે પછી તમારા વર્તમાન રોકાણને થોડો વધુ સમય આપવો જોઈએ?

નવેમ્બર 2026 માં વ્હાઇટઓક કેપિટલ મ્યુચ્યુઅલ ફંડ દ્વારા કરવામાં આવેલો એક તાજેતરનો અભ્યાસ સૂચવે છે કે શરૂઆતના તબક્કામાં જોવા મળતી ધીમી ગતિનો અર્થ એવો બિલકુલ નથી કે લાંબા ગાળે તમને નબળું વળતર મળશે. હકીકતમાં, આ અભ્યાસના આંકડા દર્શાવે છે કે જે SIP એ તેના પ્રથમ 5 વર્ષમાં વાર્ષિક 8 ટકા કે તેથી ઓછું વળતર આપ્યું હતું, તેણે અંતે 10 વર્ષના સમયગાળામાં ઊંચું સરેરાશ વળતર નોંધાવ્યું છે.

શું ધીમી શરૂઆત કરનાર SIP વધુ સારું વળતર આપી શકે છે?

વ્હાઇટઓક કેપિટલ દ્વારા ઓગસ્ટ 1996 થી ઓક્ટોબર 2026 સુધીના 30 વર્ષના લાંબા સમયગાળા દરમિયાન BSE સેન્સેક્સ ટોટલ રિટર્ન ઇન્ડેક્સ (TRI) નો ઉપયોગ કરીને ઐતિહાસિક SIP વળતરનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ અભ્યાસના પરિણામો રોકાણકારો માટે આંખ ઉઘાડનારા છે:

- જે SIP એ તેમના પ્રથમ 5 વર્ષ દરમિયાન 8 ટકા કે તેથી ઓછું વાર્ષિક વળતર આપ્યું હતું, તેણે સંપૂર્ણ 10 વર્ષના સમયગાળામાં સરેરાશ 18.30 ટકાનું વાર્ષિક વળતર નોંધાવ્યું હતું.
- આશ્ચર્યજનક રીતે, જે SIP એ તેમના પ્રથમ 5 વર્ષ દરમિયાન 8 ટકાથી વધુ વળતર મેળવ્યું હતું, તેણે 10 વર્ષના અંતે 14.60 ટકાનું પ્રમાણમાં ઓછું સરેરાશ વળતર આપ્યું હતું.

આ ઘટના પાછળનું એક મુખ્ય અને તાર્કિક કારણ એ છે કે જ્યારે શેરબજારમાં મંદી કે ઘટાડાનો તબક્કો ચાલતો હોય છે, ત્યારે SIP ના માધ્યમથી રોકાણકારોને ઓછી કિંમતે (લોઅર NAV પર) ફંડના વધુ યુનિટ્સ મળે છે. આ રીતે એકઠા થયેલા વધુ યુનિટ્સનો સીધો ફાયદો રોકાણકારોને ત્યારે મળે છે જ્યારે બજારમાં ફરીથી તેજી અને રિકવરી આવે છે.

જોકે, રોકાણકારોએ એ વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે આ તમામ આંકડાઓ ઐતિહાસિક સરેરાશ પર આધારિત છે. તે કોઈ એવી ગેરંટી કે ખાતરી નથી કે નબળું પ્રદર્શન કરનાર દરેક SIP ભવિષ્યમાં ચોક્કસપણે રિકવર થશે જ.



પાંચ વર્ષ પછી SIP નું નબળું વળતર હંમેશા નિષ્ફળતાનો સંકેત નથી હોતું. ફંડ બદલતા પહેલા રોકાણકારોએ કઈ બાબતો તપાસવી જોઈએ તે સમજવું જરૂરી છે. SIP બંધ કરતા કે સ્વિચ કરતા પહેલા ફંડના પ્રદર્શનની સમીક્ષા કરો. રોકાણનો લાંબો સમયગાળો નકારાત્મક વળતરની શક્યતાઓ ઘટાડે છે

શું SIP નું મૂલ્યાંકન કરવા માટે 5 વર્ષનો સમયગાળો પૂરતો છે?

આ અભ્યાસમાં એ પણ બહાર આવ્યું છે કે જેમ-જેમ રોકાણકારોએ તેમના રોકાણનો સમયગાળો લંબાવ્યો, તેમ-તેમ ઐતિહાસિક રીતે નકારાત્મક વળતર મળવાની શક્યતાઓ સતત ઘટતી ગઈ. અભ્યાસ મુજબ, 5 વર્ષના SIP સમયગાળામાંથી 92 ટકા કિસ્સાઓમાં સકારાત્મક વળતર મળ્યું હતું. જ્યારે 8 વર્ષ અને 10 વર્ષના તપાસવામાં આવેલા તમામ સમયગાળા 100 ટકા સકારાત્મક રહ્યા હતા, એટલે કે એક પણ કિસ્સામાં મૂડીનું નુકસાન થયું ન હતું.

પરંતુ અહીં એક મહત્વપૂર્ણ પાસું સમજવું જરૂરી છે કે માત્ર 'સકારાત્મક વળતર' મળવાનો અર્થ 'સંતોષકારક વળતર' મળવો એવો થતો નથી.

ઉદાહરણ તરીકે, 8 વર્ષના લાંબા ગાળા પછી પણ ઐતિહાસિક રીતે સૌથી ખરાબ વળતર વાર્ષિક માત્ર 3.03 ટકા જેટલું રહ્યું હતું. આટલું ઓછું વળતર મોંઘવારી દરને માત આપવા અને રોકાણકારના મહત્વપૂર્ણ નાણાકીય લક્ષ્યોને પૂર્ણ કરવા માટે અપૂરતું સાબિત થઈ શકે છે.

વધુમાં, એ નોંધવું પણ એટલું જ અગત્યનું છે કે આ તમામ આંકડાઓ બજારના મુખ્ય ઇન્ડેક્સના પ્રદર્શનને દર્શાવે છે, કોઈ વ્યક્તિગત મ્યુચ્યુઅલ ફંડ સ્કીમના વળતરને નહીં.

વેલ્થ ક્રિએશન

તમારે SIP ચાલુ રાખવી જોઈએ કે ફંડ સ્વિચ કરવું જોઈએ?

આ મૂંઝવણ ઉકેલવા માટેની સૌથી મહત્વની ચાવી એ સમજવાની છે કે તમારા રોકાણનું પ્રદર્શન શા માટે નબળું રહ્યું છે.

જો એકંદરે સમગ્ર શેરબજાર જ સંઘર્ષ કરી રહ્યું હોય અને તેવા કપરા સંજોગોમાં પણ તમારા ફંડે તેના બેન્ચમાર્ક ઇન્ડેક્સ અને તેની કેટેગરીના અન્ય સમકક્ષ ફંડ્સની સરખામણીમાં વ્યાજબી પ્રદર્શન કર્યું હોય, તો માત્ર નિરાશાજનક વળતરના આધારે SIP બંધ કરી દેવી એ યોગ્ય નિર્ણય નથી.

બીજી તરફ, જો તમારું ફંડ અલગ-અલગ સમયગાળા દરમિયાન તેના બેન્ચમાર્ક અને સમાન પ્રકારની અન્ય સ્કીમ્સ કરતા સતત પાછળ રહી ગયું હોય, તો ચોક્કસપણે તેની ગંભીરતાથી સમીક્ષા કરવી જોઈએ.

રોકાણકારોએ ફંડની રોકાણ વ્યૂહરચનામાં થયેલા ફેરફારો, જોખમની પ્રોફાઇલ (risk profile) અને શું તે ફંડ હજુ પણ તેમના નાણાકીય લક્ષ્યોને અનુકૂળ છે કે નહીં તે તમામ બાબતો પર વિચાર કરવો જોઈએ. માત્ર તાજેતરમાં સૌથી વધુ વળતર આપનાર કોઈ ટોપ-પર્ફોર્મિંગ ફંડમાં સ્વિચ કરી લેવાથી ભવિષ્યમાં સારું વળતર મળશે જ તેની કોઈ ખાતરી હોતી નથી.

SIP બંધ કરવી અને પૈસા ઉપાડવા એ બંને અલગ બાબતો છે

ઘણા રોકાણકારો એવું માને છે કે SIP બંધ કરવાનો અર્થ ફંડમાંથી બહાર નીકળી જવું થાય છે, પરંતુ હકીકત અલગ છે. રોકાણકારો તેમના અત્યાર સુધીના જમા થયેલા રોકાણને ઉપાડ્યા વગર પણ ભવિષ્યના SIP હપ્તાઓ બંધ કરી શકે છે. તેઓ અત્યાર સુધી એકઠા થયેલા યુનિટ્સને ફંડમાં જ જાળવી રાખીને, ભવિષ્યનું નવું રોકાણ અન્ય કોઈ વધુ સારા ફંડ તરફ વાળી શકે છે.

જોકે, વર્તમાન રોકાણને સંપૂર્ણપણે રિડીમ કરવાથી કે અન્ય ફંડમાં સ્વિચ કરવાથી રોકાણકારો પર કેપિટલ ગેઇન્સ ટેક્સ અને લાગુ પડતો એક્ઝિટ લોડ લાગી શકે છે, જે તેમના ચોખ્ખા નફાને ઘટાડી શકે છે.

અંતે, 5 વર્ષનું નિરાશાજનક વળતર એ રોકાણમાંથી આપમેળે બહાર નીકળી જવાનો સંકેત નથી, પરંતુ તમારા પોર્ટફોલિયોની યોગ્ય સમીક્ષા કરવાનો સમય છે. અહીં મૂળ પ્રશ્ન એ નથી કે ફંડને વધુ 5 વર્ષ આપવા જોઈએ કે નહીં, પરંતુ ખરો પ્રશ્ન એ છે કે શું આ ફંડ હજુ પણ તમારા નાણાકીય લક્ષ્યોને પૂર્ણ કરવા માટે યોગ્ય અને સક્ષમ છે કે કેમ.

બુલિયન બજારમાં હાહાકાર, શેરબજારમાં તેજીનું તોફાન

અમેરિકામાં ટ્રમ્પ વિરોધી ચૂંટણી પરિણામો બાદ ટ્રમ્પને હવે રશિયા અને ચીનને મિત્ર બનાવવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. બીજી તરફ, નવેમ્બર મહિનામાં એફઆઈઆઈની સતત ખરીદી જોવા મળી રહી છે અને તેના લીધે શેરબજારમાં નવી તેજીનો દોર શરૂ થયો છે. સેન્સેક્સ અને નિફ્ટી ઓલટાઇમ હાઈની નજીક પહોંચી રહ્યો છે, તેની પાછળનું કારણ એફઆઈઆઈની સતત ખરીદી છે. જેઓ હેવીવેઇટ અને લાર્જકેપ શેરોમાં ખરીદી કરી રહ્યા છે. જોકે, આવનારા દિવસોમાં બ્રોડર માર્કેટમાં રોકાણકારોની ખરીદી જોવા મળી શકશે.

સના-ચાંદીમાં જે પ્રકારે પાછલા કેટલાક વર્ષોમાં આશ્ચર્ય પમાડે એવી રેકોર્ડ બ્રેક તેજી કરીને વિશ્વને સોના-ચાંદીમાં તેજીનો ઉથલો કરાવીને ફરી જે દેશોમાં ઇક્વિટી બજારોમાં વેલ્યુએશન આકર્ષક બન્યું છે, એ દેશોમાં ડોલરિયો પ્રવાહ ઠાલવવાનું શરૂ કરી દીધું છે.



હેવીવેઇટ શેરો પ્રેરિત ઇન્ડેક્સની વિક્રમી તેજી બાદ બ્રોડર માર્કેટમાં સક્રિયતા વધતી જોવા મળશે : સોના-ચાંદીના ભાવમાં હજુય 10થી 15 ટકા ઘટાડાની સંભાવના

ભારતીય શેરબજારો માટે એફઆઈઆઈની ખરીદીની સાથે પોઝિટિવ પરિબળો એકસાથે સર્જાયા છે. ક્રુડ ઓઈલના ભઆવ ઘટવા, રૂપિયો મજબૂત બની સાત મહિનાની ઉંચાઈએ પહોંચવો, વિદેશી રોકાણ પ્રવાહ વહેતો થવો અને યુદ્ધના પરિબળો શાંત થતા વૈશ્વિક વેપાર પુર્વવત સામાન્ય બનતા મોંઘવારીનું પરિબળ પણ આગામી દિવસોમાં પોઝિટિવ બની શકે છે. જેથી અત્યારે દેખાતા આ પરિબળોએ તેજીને આગળ વધી શકે છે.

સોનાનો હાજર ભાવ પ્રતિ ઔંસ 3552.39 ડોલર અને ચાંદીનો ભાવ પ્રતિ ઔંસ 41.73 ડોલર નોંધાયો હતો. સોનામાં એક સપ્તાહમાં આશરે 8.5 ટકાનો ઘટાડો થયો છે, જે માર્ચ પછીનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો છે. સોનું સપ્ટેમ્બર 2025 પછીના સૌથી નીચા સ્તરે પહોંચ્યું છે. ચાંદીમાં પણ ભારે વેચવાલી જોવા મળી રહી છે.

આ ઘટાડા પાછળ અમેરિકામાં વ્યાજદર વધવાની શક્યતા, ડોલરની મજબૂતી, બોન્ડ યીલ્ડમાં વધારો અને વૈશ્વિક બજારમાં રોકાણકારોની બદલાતી વ્યૂહરચના મુખ્ય કારણો છે. અગાઉ 99.3 ટકા સુધી આંકવામાં આવી રહી હતી.

વ્યાજદર વધે તો સરકારી બોન્ડ અને અન્ય વ્યાજ આપતાં રોકાણ સાધનો વધુ આકર્ષક બને છે. બીજી તરફ સોના-ચાંદીમાંથી નિયમિત વ્યાજ મળતું નથી. પરિણામે રોકાણકારો કિંમતી ધાતુઓમાંથી નાણાં પાછાં ખેંચીને અન્ય સાધનોમાં રોકાણ કરે છે. આ જ કારણસર હાલમાં સોના-ચાંદી પર વેચવાલીનું દબાણ વધ્યું છે. આગામી દિવસોમાં સોના-ચાંદીના ભાવ માટે મુખ્યત્વે ચાર પરિબળો

માર્કેટ વોચ

નિર્ણાયક રહેશે. અમેરિકાના વ્યાજદર અંગે ફેડરલ રિઝર્વના સંકેતો, ડોલરની દિશા, ભૌગોલિક રાજકીય તણાવ અને વૈશ્વિક રોકાણકારોની ખરીદી છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના ત્રીજા ત્રિમાસિક ગાળાના અહેવાલ મુજબ સોનાના ઇટીએફમાં વૈશ્વિક રોકાણ અને કેન્દ્રીય બેન્કોની ખરીદી લાંબા ગાળે ભાવને ટેકો આપી શકે છે. ચાંદીમાં પણ ઔદ્યોગિક વપરાશ અને પુરવઠાની મર્યાદાઓ મહત્વપૂર્ણ રહેશે.

ભારત જેવા મોટા સોના-ચાંદીના આયાતકાર દેશમાં આંતરરાષ્ટ્રીય ભાવ ઉપરાંત ડોલર સામે રૂપિયાની ચાલ અને આયાત ખર્ચ પણ સ્થાનિક ભાવ નક્કી કરશે. તેથી વૈશ્વિક બજારમાં ઘટાડો થયો હોવા છતાં ભારતીય બજારમાં એટલા જ પ્રમાણમાં ઘટાડો થાય તે જરૂરી નથી.

રિટેલ લોનમાં તેજી, પણ EMI ડિફોલ્ટ ચિંતાનો વિષય

ભારતમાં રિટેલ ક્રેડિટ માર્કેટ ઝડપી ગતિએ વધી રહ્યું છે. ઘર, વાહન, વ્યક્તિગત જરૂરિયાતો અને સોનાના બદલામાં મળતી લોનની માંગ સતત વધી રહી છે. જોકે લોન વિતરણના વધતા આંકડાઓની સાથે હવે હપ્તાની ચુકવણીમાં વિલંબના કેસો પણ વધતા જોવા મળી રહ્યા છે. આ સ્થિતિ બેંકો, એનબીએફસી અને સમગ્ર નાણાકીય ક્ષેત્ર માટે ચિંતાજનક બની રહી છે.

દેશનું કુલ રિટેલ લોન પોર્ટફોલિયો 18.8 ટકા વધીને 185.2 લાખ કરોડ રૂપિયા પર પહોંચ્યું. અગાઉના ત્રિમાસિકની સરખામણીએ 4 ટકા વૃદ્ધિ નોંધાઇ. સોનાની લોન પોર્ટફોલિયો 60.6 ટકા વધ્યો, જે સૌથી ઝડપી વૃદ્ધિ દર્શાવતી કેટેગરી રહી. સિક્યોર્ડ બિઝનેસ લોનમાં 45.2 ટકા વધારો નોંધાયો. કન્ઝ્યુમર ડ્યુરેબલ લોનમાં 44.5 ટકા વૃદ્ધિ થઇ. વ્યક્તિગત લોનમાં 13.8 ટકાનો વધારો નોંધાયો. આ આંકડાઓ દર્શાવે છે કે દેશમાં ક્રેડિટની માંગ મજબૂત છે અને લોકો વિવિધ જરૂરિયાતો માટે વધુ લોન લઇ રહ્યા છે.



રિટેલ લોનના મુખ્ય મુદ્દા

- રિટેલ લોન પોર્ટફોલિયો 18.8 ટકા વધીને 185.2 લાખ કરોડ રૂપિયા થયો
- સોનાની લોનમાં સૌથી વધુ 60.6 ટકા વૃદ્ધિ નોંધાઇ.
- સોનાની લોનમાં બાકી EMIનો દર 0.9 ટકાથી વધીને 1.3 ટકા થયો.
- વ્યક્તિગત લોનમાં વિલંબિત ચુકવણી 2.4 ટકા સુધી પહોંચી.
- કન્ઝ્યુમર ડ્યુરેબલ લોનમાં ડિફોલ્ટ 1.8 ટકા થયો.
- વધતી બાકીદારી બેંકો અને ગ્રાહકો બંને માટે જોખમનું સંકેત છે.

જીવનના ખર્ચમાં વધારો થતા લોકોના માસિક બજેટમાં દબાણ વધી રહ્યું છે. આ સિવાય ખઆનગી ક્ષેત્રમાં નોકરીની અસ્થિરતા અને આવકમાં

લોન પોર્ટફોલિયોમાં વૃદ્ધિ સાથે ડિફોલ્ટ અને ઇએમઆઇ ચુકવણીમાં વિલંબના કિસ્સાઓ વધ્યા

લઇ રહ્યા છે.

સોનાની લોનમાં 31થી 90 દિવસ બાકી રહેલા હપ્તાનું પ્રમાણ 0.9 ટકાથી વધીને 1.3 ટકા થયું છે, જ્યારે 31થી 180 દિવસ બાકી રહેલી લોનનો હિસ્સો 1.3 ટકાથી વધીને 1.6 ટકા થયો છે. લોન પોર્ટફોલિયોમાં વૃદ્ધિ સાથે ડિફોલ્ટ અને ઇએમઆઇ ચુકવણીમાં વિલંબના સંકેતો પણ સામે આવ્યા છે. કન્ઝ્યુમર ડ્યુરેબલ લોનમાં વિલંબિત હપ્તાની ચુકવણીના કેસ 1.8 ટકા સુધી પહોંચ્યા. વ્યક્તિગત લોનમાં ડિફોલ્ટ અથવા વિલંબિત ચુકવણીનો દર 2.4 ટકા સુધી વધ્યો. આ આંકડાઓ દર્શાવે છે કે જ્યાં લોનનું વિતરણ સૌથી વધુ ઝડપથી વધી રહ્યું છે, ત્યાં જ ચુકવણીનું જોખમ પણ વધવા લાગ્યું છે. લોન ચુકવણીમાં વિલંબના મુખ્ય કારણો તરફ નજર નાંખીએ તો મોંઘવારી અને વધતો જતો ખર્ચ છે. રોજિંદા ઘટાડાથી ઇએમઆઇ ચુકવવામાં મુશ્કેલી થાય છે. સરળતાથી લોન મળવાને કારણે ઘણા લોકો એકથી વધુ લોન લઇ રહ્યા છે, જે ભવિષ્યમાં સમસ્યા સર્જે છે. વ્યાજદરમાં વધારો થતાં EMIની રકમ વધી જાય છે અને ચુકવણીની ક્ષમતા ઘટે છે. જો ડિફોલ્ટ થવાના કિસ્સાઓમાં ગ્રાહકો માટે ક્રેડિટ સ્કોર ખરાબ થાય છે, ભવિષ્યમાં લોન મેળવવામાં મુશ્કેલી પડે છે, વધુ વ્યાજદરે લોન લેવાની ફરજ પડે છે અને દંડ અને પેનલ્ટીનો બોજ વધે છે. બેન્કો અને એનબીએફસી માટેની સ્થિતિ જોઇએ તો તેમના એનપીએમાં વધારો થાય છે, નફાકરકતા પર અસર થાય છે અને નવી લોન માટે નિયમો કડક બનાવવા પડશે.

આ સંદર્ભમાં નાણાકીય નિષ્ણાતોના મતે, હાલમાં ડિફોલ્ટના આંકડાઓ ગંભીર સ્તરે નથી, પરંતુ તે ભવિષ્ય માટે ચેતવણીરૂપ છે. ખાસ કરીને સોનાની લોન અને વ્યક્તિગત લોનમાં વધતી બાકીદારી દર્શાવે છે કે કેટલાક ગ્રાહકો પર નાણાકીય દબાણ વધી રહ્યું છે. જો લોન વિતરણની આક્રમક નીતિઓ

બેન્કીંગ-બઝ

ચાલુ રહેશે અને ગ્રાહકોની ચુકવણી ક્ષમતાનું યોગ્ય મૂલ્યાંકન નહીં થાય, તો આગામી સમયમાં ડિફોલ્ટના કેસોમાં વધુ વધારો થઇ શકે છે. ભારતનું રિટેલ ક્રેડિટ માર્કેટ હજુ પણ મજબૂત ગતિએ આગળ વધી રહ્યું છે, પરંતુ વધતા EMI ડિફોલ્ટ અને ચુકવણીમાં વિલંબના કેસો સૂચવે છે કે વૃદ્ધિ સાથે જોખમનું સંતુલન જાળવવું જરૂરી છે. જવાબદાર ધિરાણ અને સાવચેત ઉધારી જ આ ક્ષેત્રના લાંબા ગાળાના સ્વાસ્થ્ય માટે આવશ્યક બનશે.

ભારતનું રિટેલ ક્રેડિટ માર્કેટ હજુ પણ મજબૂત વૃદ્ધિના માર્ગ પર છે, પરંતુ વધતા EMI ડિફોલ્ટ દર્શાવે છે કે વૃદ્ધિ સાથે જોખમ પણ વધી રહ્યું છે. જવાબદાર ઉધારી, સાવચેત ધિરાણ નીતિઓ અને ગ્રાહકોની ચુકવણી ક્ષમતાનું યોગ્ય મૂલ્યાંકન જ ભવિષ્યમાં આ પડકારનો સામનો કરવા માટે સૌથી અસરકારક ઉપાય સાબિત થઇ શકે છે.

એપ્રિલ-સપ્ટેમ્બર 2026 દરમિયાન ઇલેક્ટ્રોનિક્સ વસ્તુઓની નિકાસ 44% વધીને 31.97 બિલિયન USD થઈ

નાણાકીય વર્ષ 2025-26ના સમાન સમયગાળામાં 22.20 બિલિયન USD સામે નાણાકીય વર્ષ 2026-27ના એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન ભારતની ઇલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુઓની નિકાસમાં 44.0% ની મજબૂત વૃદ્ધિ નોંધાઈ છે, જે વધીને 31.97 બિલિયન USD થઈ ગઈ છે. જ્યારે સ્માર્ટફોન ઇલેક્ટ્રોનિક્સ નિકાસ બાસ્કેટમાં સૌથી મોટો હિસ્સો જાળવી રાખવાનું ચાલુ રાખ્યું છે, ત્યારે બિન-સ્માર્ટફોન ઇલેક્ટ્રોનિક્સમાં નોંધપાત્ર રીતે ઝડપી વૃદ્ધિ નોંધાઈ છે, જે ઘટકો, પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ, કોમ્યુનિકેશન સાધનો, મેમરી પ્રોડક્ટ્સ અને સ્ટોરેજ ઉપકરણોમાં ભારતની ઇલેક્ટ્રોનિક્સ નિકાસના વિસ્તરણ અને વૈવિધ્યકરણને પ્રતિબિંબિત કરે છે.

સ્માર્ટફોનની નિકાસ (HS 85171300) નાણાકીય વર્ષ 2025-26ના એપ્રિલ-સપ્ટેમ્બરમાં 13.38 બિલિયન USD થી 35.8% વધીને નાણાકીય વર્ષ 2026-27ના એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન 18.17 બિલિયન USD થઈ છે. સ્માર્ટફોન ભારતની ઇલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુઓની નિકાસનો સૌથી મોટો ઘટક બનવાનું ચાલુ રહ્યા છે. જો કે, અન્ય ઇલેક્ટ્રોનિક્સ સેગમેન્ટ્સમાં ઝડપી વૃદ્ધિ વચ્ચે કુલ ઇલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુઓની નિકાસમાં તેમનો હિસ્સો 60.3% થી ઘટીને 56.8% થયો છે.

બિન-સ્માર્ટફોન ઇલેક્ટ્રોનિક્સ નિકાસમાં 56.5% ની વૃદ્ધિ નોંધાઈ છે, જે આ સમયગાળા દરમિયાન 8.81 બિલિયન USD થી વધીને 13.79 બિલિયન USD થઈ છે. પરિણામે, કુલ ઇલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુઓની નિકાસમાં બિન-સ્માર્ટફોન ઇલેક્ટ્રોનિક્સનો હિસ્સો 39.7% થી વધીને 43.2% થયો છે, જે ભારતની ઇલેક્ટ્રોનિક્સ નિકાસ બાસ્કેટના વિસ્તરણ દર્શાવે છે.

માઉન્ટેડ પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ (HS 84733030) ધરાવતા ભાગો અને એસેસરીઝની નિકાસ 63.3 મિલિયન USD થી વધીને 2.10 બિલિયન USD થઈ છે, જેમાં 3,219% ની વૃદ્ધિ નોંધાઈ છે. નિકાસ 1.87 બિલિયન USD સુધી પહોંચવા સાથે સિંગાપોર અગ્રણી ગંતવ્ય સ્થાન હતું, ત્યારબાદ 111.5 મિલિયન USD સાથે ચીન બીજા સ્થાને હતું.

પોપ્યુલેટેડ, લોડેડ અથવા સ્ટફ્ડ પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ્સ (HS 85177910) ની નિકાસમાં પણ 304% ની નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે, જે 213.7 મિલિયન USD થી વધીને 864.1 મિલિયન USD થઈ છે. 789.2 મિલિયન USD સાથે ચીન અગ્રણી ગંતવ્ય સ્થાન હતું, જ્યારે હોંગકોંગમાં નિકાસ 5.9 મિલિયન USD થી વધીને 25.3 મિલિયન USD થઈ છે.

નેટવર્ક ટ્રાન્સમિશન અને રૂટીંગ ઇક્વિપમેન્ટ (HS 85176290) ની નિકાસ લગભગ બમણી થઈ ગઈ છે, જે 732.9 મિલિયન USD થી 98% વધીને 1.45 બિલિયન USD થઈ છે.

નિકાસ 264.7 મિલિયન USD થી વધીને 857.7 મિલિયન USD થવા સાથે હોંગકોંગે વૃદ્ધિનું નેતૃત્વ કર્યું હતું. યુનાઇટેડ સ્ટેટ્સ અને નેધરલેન્ડ્સ પણ મહત્વપૂર્ણ ગંતવ્ય સ્થાનો હતા, જ્યાં અનુક્રમે 130.9

બિઝનેસ વ્યૂ

મિલિયન USD અને 124.4 મિલિયન USD ની નિકાસ થઈ હતી.

મેમરી ઇન્ટિગ્રેટેડ સર્કિટ્સ (HS 85423200) ની નિકાસમાં 2,333% ની વૃદ્ધિ નોંધાઈ છે, જે 23.1 મિલિયન USD થી વધીને 562.4 મિલિયન USD થઈ છે. મલેશિયા 390.8 મિલિયન USD સાથે સૌથી મોટા ગંતવ્ય સ્થાન તરીકે ઉભરી આવ્યું છે, ત્યારબાદ 102.4 મિલિયન USD સાથે સિંગાપોર અને 25.2 મિલિયન USD સાથે હોંગકોંગ આવે છે.

તે જ રીતે, સોલિડ-સ્ટેટ નોન-વોલેટાઇલ સ્ટોરેજ ડિવાઇસ (HS 85235100) ની નિકાસ 1,680% વધીને 14.6 મિલિયન USD થી 260.5 મિલિયન USD થઈ છે. 108.6 મિલિયન USD સાથે ચીન અગ્રણી ગંતવ્ય સ્થાન હતું, ત્યારબાદ 76.8 મિલિયન USD સાથે સિંગાપોર, 22.3 મિલિયન USD સાથે હોંગકોંગ અને 20.7 મિલિયન USD સાથે યુનાઇટેડ સ્ટેટ્સ આવે છે.



ભારતની ઇલેક્ટ્રોનિક્સ નિકાસમાં વૃદ્ધિ વધુ વૈવિધ્યસભર નિકાસ બાસ્કેટને પ્રતિબિંબિત કરે છે, જેમાં બિન-સ્માર્ટફોન ઇલેક્ટ્રોનિક્સ ઝડપી વૃદ્ધિ નોંધાવી રહી છે અને એકંદર નિકાસમાં મોટો હિસ્સો મેળવી રહી છે.

જ્યારે સ્માર્ટફોન સૌથી મોટા ઘટક તરીકે રહેવાનું ચાલુ રાખ્યું છે, જેની નિકાસ 18.17 બિલિયન USD સુધી પહોંચી છે, ત્યારે બિન-સ્માર્ટફોન સેગમેન્ટે મજબૂત વૃદ્ધિ નોંધાવી છે, જે કુલ ઇલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુઓની નિકાસમાં તેનું યોગદાન વધારે છે.

પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ્સ, કોમ્યુનિકેશન સાધનો, મેમરી ઇન્ટિગ્રેટેડ સર્કિટ્સ અને સોલિડ-સ્ટેટ સ્ટોરેજ ડિવાઇસીસમાં વિસ્તરણ, તેમજ સિંગાપોર, ચીન, હોંગકોંગ અને મલેશિયા જેવા

નાણાકીય વર્ષ 2026-27ના એપ્રિલ-સપ્ટેમ્બર ગાળામાં સ્માર્ટફોનની નિકાસ 35.8% વધીને 18.17 બિલિયન,અને સ્માર્ટફોન સિવાયની ઇલેક્ટ્રોનિક્સ વસ્તુઓની નિકાસ 56.5% વધીને 13.79 બિલિયન USD થઈ

બજારોમાં વધતી નિકાસ, ભારતની ઇલેક્ટ્રોનિક્સ નિકાસ વૃદ્ધિમાં આ સેગમેન્ટ્સના વધતા યોગદાનને રેખાંકિત કરે છે.

ઇન્ડોનેશિયા, આસિયાનમાં ભારતનો બીજો સૌથી મોટો વેપારી ભાગીદાર, 2025-26 માં દ્વિપક્ષીય વેપાર $24.78 બિલિયન રહ્યો

ભારત-ઇન્ડોનેશિયા વર્કિંગ ગ્રુપ ઓન ટ્રેડ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ (WGTI) ની બીજી બેઠક નવી દિલ્હીના વાણિજ્ય ભવન ખાતે હાઇબ્રિડ મોડમાં યોજાઈ હતી. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના વાણિજ્ય વિભાગના સંયુક્ત સચિવ અમિત વર્માએ કર્યું હતું, જ્યારે ઇન્ડોનેશિયન પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ઇન્ડોનેશિયાના વેપાર મંત્રાલયના દ્વિપક્ષીય વાટાઘાટોના નિયામક બસરિયા ટિયારા દેશિકા એલ. ગાઓલે કર્યું હતું. બંને દેશોના સંબંધિત મંત્રાલયો, વિભાગો અને સંગઠનોના પ્રતિનિધિઓએ પણ બેઠકમાં ભાગ લીધો હતો. આ બેઠકમાં દ્વિપક્ષીય વેપારની સમીક્ષા કરવામાં આવી હતી, જે નાણાકીય વર્ષ 2025-26 માં $24.78 બિલિયન હતો. આસિયાન સાથે ભારતના કુલ વેપારમાં ઇન્ડોનેશિયાનો હિસ્સો 19.30 ટકા છે. ભારતે સંતુલિત અને વૈવિધ્યસભર વેપારના મહત્વ પર ભાર મૂક્યો હતો અને ફાર્માસ્યુટિકલ્સ, રસીઓ અને તબીબી ઉપકરણો, ઓટોમોબાઇલ્સ અને તેમના ઘટકો, મશીનરી, ડેરી ઉત્પાદનો, ચોખા, મસાલા, ઇલેક્ટ્રોનિક્સ અને સૌર અને ઉર્જા ઉત્પાદનોની નિકાસ સંભાવના પર પ્રકાશ પાડ્યો હતો. નિકાસકારો દ્વારા સામનો કરવામાં આવતા મુદ્દાઓના ઉકેલ પર ચર્ચાઓ કેન્દ્રિત હતી. આમાં મગફળી, બાગાયતી ઉત્પાદનો, ભેંસનું માંસ અને ફ્રોઝન ઝીંગા જેવા કૃષિ અને પશુ ઉત્પાદનો માટે બજાર પ્રવેશ, સ્થાપના મંજૂરીઓ, હલાલ પ્રમાણપત્ર, ટાયર અને ઓટોમોબાઇલ માટે ધોરણો અને પ્રમાણપત્ર આવશ્યકતાઓ, ફાર્માસ્યુટિકલ્સ અને આયુષ ઉત્પાદનોની નોંધણી અને ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં સ્થાનિક સામગ્રી આવશ્યકતાઓનો સમાવેશ થાય છે. ભારતે આ મુદ્દાઓના સમયસર નિરાકરણને સરળ બનાવવા માટે સંબંધિત એજન્સીઓમાં સંપર્ક અધિકારીઓ નિયુક્ત કરવાનો પ્રસ્તાવ મૂક્યો. ઇન્ડોનેશિયા દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ, જેમાં કૃષિ ઉત્પાદનો માટે બજાર પ્રવેશ અને ભારતના ગુણવત્તા નિયંત્રણ આદેશનો સમાવેશ થાય છે, તેની પણ ચર્ચા કરવામાં આવી.

બંને પક્ષોએ વ્યાવસાયિક લાયકાતોની પરસ્પર માન્યતા, વ્યાવસાયિકોની હિલચાલ, સામાજિક સુરક્ષા, ડિજિટલ સેવાઓ, આરોગ્ય, શિક્ષણ અને પર્યટન સહિત સેવા ક્ષેત્રમાં સહયોગ માટેની શક્યતાઓ પર ચર્ચા કરી. ભારતે ASEAN-ભારત વેપાર માલ કરાર (AITIGA) ની સમીક્ષાને વહેલા અંતિમ સ્વરૂપ આપવાના મહત્વ પર પણ ભાર મૂક્યો. બંને પક્ષોએ કસ્ટમ્સ સહયોગ, મહત્વપૂર્ણ ખનિજો અને ખાણકામ